અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/ ૨૮૩૫-૭૧
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૭/૦૮/૨૦૧૯
૦૮

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:-ધોરણ-૧૦ ના પ્રશ્નપત્ર પરિરૂપ બાબત.

સંદર્ભ:૧. અત્રેની કચેરીનો તા.૦૪/૦૨/૨૦૧૯નો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૭૭૪-૮૧૨.
૨. અત્રેની કચેરીનો તા.૦૪/૦૬/૨૦૧૯નો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૨૦૪૬-૮૦.
૩. અત્રેની કચેરીનો તા.૧૨/૦૬/૨૦૧૯નો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૨૦૯૭-૨૧૩૧.
૪. ગુ. મા. અને ઉ. મા. શિક્ષણ બોર્ડ ખાતે તા.૨૬/૦૭/૨૦૧૯ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિમાં કરવામાં આવેલ નિર્ણય અન્વયે.

ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભ-(૧) દર્શિત અત્રેની કચેરીના પત્રથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી અમલમાં આવનાર ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા પદ્ધતિ અંગે જરૂરી વિગતો આપવામાં આવેલ હતી. સંદર્ભ-(૨) થી ધોરણ-૧૦ ના ગણિત અને વિજ્ઞાન વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ તેમજ સંદર્ભ-(૩) થી ધોરણ-૧૦ના ગુજરાતી (પ્રથમ અને દ્વિતીય ભાષા), હિન્દી (પ્રથમ અને દ્વિતીય ભાષા), અંગ્રેજી (પ્રથમ અને દ્વિતીય ભાષા), સંસ્કૃત તથા સમાજિક વિજ્ઞાન વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ અત્રેથી જાણ તથા અમલ સારૂં આપને મોકલવામાં આવેલ હતા.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ખાતે તા.૨૬/૦૭/૨૦૧૯ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિમાં ધોરણ-૧૦ માં શાળાકક્ષાએ લેવાતી પરીક્ષાના જૂથ-૨ ના મરજિયાત વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ હાલમાં અમલ ચાલુ છે તે પ્રમાણે જ યથાવત રાખવા તેવો નિર્ણય કરવામાં આવેલ છે. જે અન્વયે ધોરણ-૧૦ ના વિષય માળખા મુજબ જૂથ-૨ ના મરજિયાત વિષયોની શાળાકક્ષાએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ માં જે પ્રશ્નપત્ર પરિરૂપ મુજબ પરીક્ષા લેવામાં આવેલ છે તે જ પ્રશ્નપત્ર પરિરૂપનો અમલ ચાલુ રહેશે.

ઉક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂં મોકલી આપવા વિનંતી છે.

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના :-

- માન. અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

E:\HK-\પરિપત્ર-ધોરણ-૧૦ ના પ્રશ્નપત્ર પરિરૂપ બાબત.docx

અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/ ૨૯૨૫-૨૯૬૦
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૯/૦૮/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય: ધોરણ-૧૦ ના જૂથ-૨ ના મરજિયાત વિષયોની પરીક્ષા પદ્ધતિ બાબત.
સંદર્ભ:૧. અત્રેની કચેરીનો તા.૦૪/૦૨/૨૦૧૯નો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૭૭૪-૮૧૨.
૨. અત્રેની કચેરીનો તા.૦૮/૦૮/૨૦૧૯નો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૨૮૩૫-૭૧.

ઉપરોક્ત વિષય અન્વયે અત્રેની કચેરીના સંદર્ભ-(૧) દર્શિત પત્રથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી અમલમાં આવનાર ધોરણ-૧૦ની પરીક્ષા પદ્ધતિ અંગે જરૂરી વિગતો આપવામાં આવેલ હતી. જે મુજબ ધોરણ-૧૦માં બોર્ડની પરીક્ષામાં ૮૦ ગુણનું પ્રશ્નપત્ર તેમજ આંતરિક મૂલ્યાંકનના ૨૦ ગુણ રહેશે તેમ જણાવવામાં આવેલ છે.

અત્રેની કચેરીના સંદર્ભ-(૨) દર્શિત પત્રથી ધોરણ-૧૦ ના વિષય માળખા મુજબ જૂથ-૨ ના મરજિયાત વિષયોની શાળાકક્ષાએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ માં જે પ્રશ્નપત્ર પરિરૂપ મુજબ પરીક્ષા લેવામાં આવેલ છે તે જ પ્રશ્નપત્ર પરિરૂપનો અમલ ચાલુ રહેશે તેમ જણાવવામાં આવેલ છે.

આ અંગે શાળાઓ તરફથી પૃચ્છા કરવામાં આવતા **નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે:-**

→ જૂથ-૨ ના મરજિયાત વિષયોમાં અગાઉના પ્રશ્નપત્ર પરિરૂપ મુજબ સૈદ્ધાંતિક પરીક્ષાના ૫૦ ગુણ રહેશે અને ૫૦ ગુણ પ્રાયોગિક પરીક્ષાના રહેશે. શાળા કક્ષાએ આ પ્રમાણે ૧૦૦ ગુણની પ્રથમ પરીક્ષા, દ્વિતીય પરીક્ષા/પ્રિલીમ અને વાર્ષિક પરીક્ષા લેવાની રહેશે. શાળા કક્ષાએ લેવામાં આવતી ૧૦૦ ગુણની વાર્ષિક પરીક્ષાના ગુણ શાળાએ બોર્ડને મોકલવાના રહેશે, જે બોર્ડ દ્વારા ૮૦ ગુણમાં રૂપાંતર કરવામાં આવશે.

→ આંતરિક મૂલ્યાંકનના ૨૦ ગુણનું વિભાજન નીચે મુજબ રહેશે.

- ૫ ગુણ પ્રથમ પરીક્ષા
- ૫ ગુણ દ્વિતીય પરીક્ષા
- ૫ ગુણ નોટબુક સબમિશન(ગૃહ કાર્ય/વર્ગ કાર્ય)
- ૫ ગુણ પ્રાયોગિક કાર્ય/પ્રોજેક્ટ કાર્ય

શાળાએ ઉપરોક્ત આંતરિક મૂલ્યાંકનના ૨૦ ગુણ બોર્ડને મોકલવાના રહેશે.

ઉક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપવા વિનંતી છે.

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના :-

- માન. અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

E:\HK-\પરિપત્ર-ધોરણ-૧૦ ના પ્રશ્નપત્ર પરિરૂપ બાબત - Copy.docx